https://tv9gujarati.com/gujarat/ahmedabad/exhibition-organized-by-edii-ahmedabad-to-promote-handicrafts-of-india-919945.html

# આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટની અમદાવાદ શાખા દ્વારા ભારતની હસ્તકલા અને કારીગરોને પ્રોત્સાહન આપવાના હેતુથી મુંબઈ ખાતે પ્રદર્શન યોજાયું

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ ભારતમાં હેન્ડમેડ પ્રોજેક્ટમાં ઇમ્પ્લિમેન્ટેશન પાર્ટનર છે. આસામમાં કામરૂપ, ઓરિસ્સામાં બરગઢ, ગુજરાતમાં ભુજ અને સુરેન્દ્રનગર, મધ્ય પ્રદેશમાં મહેશ્વર અને તમિલનાડુમાં સલેમ એમ છ ક્લસ્ટરોને હેન્ડમેડ ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ટેકો આપવામાં આવી રહ્યો છે.




TV9 Gujarati | Edited By: Dilip Chaudhary | Updated on: Dec 11, 2023 | 5:31 PM

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ દ્વારા 8મી ડિસેમ્બરે થોટ લીડરશિપ સેમિનાર અને થીમેટિક ફેશન શો અને 8મી અને 9મી ડિસેમ્બર, 2023ના રોજ એચએસબીસીના સમર્થનથી પ્રોજેક્ટ હેન્ડમેડ ઇન ઈન્ડિયા હેઠળ વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કોલાબા, મુંબઇ ખાતે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ ભારતમાં હેન્ડમેડ પ્રોજેક્ટમાં ઇમ્પ્લિમેન્ટેશન પાર્ટનર છે. આસામમાં કામરૂપ, ઓરિસ્સામાં બરગઢ, ગુજરાતમાં ભુજ અને સુરેન્દ્રનગર, મધ્ય પ્રદેશમાં મહેશ્વર અને તમિલનાડુમાં સલેમ એમ છ ક્લસ્ટરોને હેન્ડમેડ ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ટેકો આપવામાં આવી રહ્યો છે.

એક્ઝિબિશનમાં પ્રોજેક્ટ એચએમઆઈ હેઠળ આવરી લેવામાં આવેલા છ ક્લસ્ટરોની પ્રોડક્ટ્સ પ્રદર્શનમાં છે. ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત તેમાં ભાગ લઈ રહેલા કારીગરો અને કસબીઓ સાથે કુલ 25 સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

ઈવેન્ટનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન એચએસબીસીના કોર્પોરેટ સસ્ટેનેબિલિટીના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ રોમિત સેન અને અતિથિ વિશેષ મુંબઈના ટેક્સટાઇલ્સ

કમિટીના સીઈઓ અને એડિશનલ ટેક્સટાઇલ કમિશ્નર સત્ય પ્રસાદ વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રસંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈના પ્રોજેક્ટ્સ વિભાગના (કોર્પોરેટ) ડિરેક્ટર ડો. રમણ ગુજરાલ અને સરકારી મંત્રાલયો/વિભાગોના અન્ય વરિષ્ઠ અધિકારીઓ તથા જાણીતા સંસ્થાઓના કોર્પોરેટ નેતાઓ અને ઉદ્યોગસાહસિકો પણ ઉપસ્થિત હતા.

ઈવેન્ટની શરૂઆત થીમ આધારિત ફેશન શોથી થઈ હતી જેમાં ‘ક્રાફ્ટિંગ અ સસ્ટેનેબલ ફ્યુચર: હેન્ડમેડ ઈન ઈન્ડિયા’ અને ‘ઇન્સ્પાઇરિંગ હેરિટેજ, એમ્પાવરિંગ ફ્યુચરઃ હેન્ડલૂમ્સ ઈન મોર્ડન ઈન્ડિયા’ થીમ હેઠળ ટકાઉપણા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ટકાઉપણા અને સશક્તિકરણને અપનાવવાનો સંદેશ આપતી વખતે દરેક સમૂહે ભારતના સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાને સન્માનિત કરતાં કાલાતીત કલા-કારીગરીની વાત રજૂ કરી હતી. ડિઝાઇનરોએ મોડેલ્સ માટે વસ્ત્રો બનાવવા માટે પ્રોજેક્ટ એચએમઆઈ હેઠળ ઈડીઆઈઆઈ પ્રશિક્ષિત કારીગરો દ્વારા વિકસિત કાપડનો ઉપયોગ કર્યો હતો.

ફેશન શો પછી એક થોટ લીડરશીપ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નીતિ ઘડનારાઓ, ઇન્ડસ્ટ્રી પ્રોફેશનલ્સ, પ્રેક્ટિશનર્સ, વણકરો અને કારીગરો સહિતના હિતધારકોએ હાજરી આપી હતી. પેનલ ચર્ચાના વિષયોમાં ‘ઈન્સ્પાઇરિંગ

હેરિટેજ, એમ્પાવરિંગ ફ્યુચર્સઃ હેન્ડલૂમ્સ ઇન મોડર્ન ઇન્ડિયા’ અને ‘ક્રાફ્ટિંગ અ સસ્ટેનેબલ ફ્યુચરઃ હેન્ડમેડ ઇન ઈન્ડિયા’નો સમાવેશ થાય છે. લુપ્ત થવાની આરે આવેલી અમુક હસ્તકલાને પુનર્જીવિત કરવાના ઈડીઆઈઆઈનું મોડલ વિસ્તૃત રીતે શેર કરવામાં આવ્યું હતું. વિવિધ રાજ્યોમાં વિવિધ હસ્તકલા માટેના મોડેલની પ્રતિકૃતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું તેમજ શ્રેષ્ઠ પદ્ધતિઓની સમીક્ષા કરવામાં આવી હતી.